Exchange Offer Rs. 4999/-
Glass Warranty 5 Years
Sunflame
PARMANAND STEEL CENTER
Opp. Khadi Bhandar, Ranjit Road, Jamnagar - 361001.
M. 94846 06565

RNI Regd. No. 38399/62
Postal Regd. No. Jam/GJN/18/2026-2028
At Posted Jamnagar gty. 361001

www.nobat.com

જામનગર-દેવભૂમિ દ્વારકા
જિલ્લાનું સર્વ પ્રથમ સાંધ્ય દૈનિક

Page 8 Price : ₹ 3.50

નોબત

NOBAT (GUJARATI EVENING DAILY) PRINTED AT JAMNAGAR (GUJARAT),
7 MARCH 2026, SATURDAY • Vol. No. 69 • PRICE ₹ 3.50 • ISSUE No. 248

નિલેષ લલિતચંદ્ર વ્યાસ
ગોલ્ડ મેડાલીસ્ટ B.Com., L.L.B.
જ્યોતિષ શિરોમણી
દર અમાસે શિવાલયમાં કાલસર્પ યોગ શાંતિ
નવ ગ્રહના રીયલ રત્નો
સચોટ કોમ્પ્યુટર જન્માક્ષર
વ્યાપારમાં વૃદ્ધી
સચોટ મેળાપક
લક્ષ્મી પ્રાપ્તી
વૈદિક કર્મકાંડ વાસ્તુ શાસ્ત્ર
શ્રેષ્ઠ આરોગ્ય
ભાર્ગવ જ્યોતિષ કાર્યાલય
૧૦૧-ચૈતન્ય કોમ્પ્લેક્ષ, આર્ય સમાજ સ્કૂલ સામે, જામનગર
PH. 2663 108, Mob: 9426471 108, 99242 28528
www.bhargavjyotishkaryalay.in

■ Founder Editor: Late Ratilal Madhvani ■ Editor, Printer Publisher: Pradip Madhvani ◆ Owner: Madhvani Prakashan (Nobat) ◆ Printing at: Nobat Press, Nobat Bhavan, Pancheshwar Tower Road, Jamnagar ◆ Phone: 2670924/2555924 ◆ Fax: 2553752

ભૂકંપના શંકાસ્પદ આંચકાઓ તથા 'થાડ' ને ઈરાને નિશાન બનાવ્યા પછી સૌથી મોટા હુમલાની અમેરિકાની ધમકી

ઈરાન માટે આજની રાત અત્યંત ભારે... અમેરિકા આકરા પાણીએ...

વોશિંગ્ટન/ તહેરાન તા. ૭: એક તરફ ઈરાને અમેરિકાની એર ડિફેન્સ સિસ્ટમ 'થાડ'ને નિશાન બનાવી છે. તો ફરીથી ૪.૧ની તીવ્રતાનો ભૂકંપ અનુભવાતા ઈરાન ગુપચુપ પરમાણુ પરીક્ષણ કરી રહ્યું હોવાની આશંકા ઉઠી રહી છે, તો બીજી તરફ અમેરિકાના નાણામંત્રીએ ઈરાન પર સૌથી મોટો હુમલો કરવાની ધમકી આપી હોવાથી ઈરાન માટે આજની રાત અત્યંત ભારે રહેવાની અટકળો થઈ રહી છે.

અમેરિકા અને ઈઝરાયલના ઈરાન પર સંયુક્ત હુમલાનો દોર હજુ યથાવત છે. ત્યારે ઈરાન પણ સામે જડબાતોડ જવાબ આપી રહ્યું છે. આ દરમિયાન અમેરિકાએ ઈરાન વિરૂદ્ધ સૈન્ય કાર્યવાહીને વધુ તેજ કરવાનો નિર્ણય કર્યો છે. અમેરિકાના નાણામંત્રી સ્કોટ બેસેન્ટે કહ્યું કે આજે રાતે ઈરાનમાં અત્યાર સુધીનો સૌથી મોટો હુમલો કરીશું. સચિવ હેગસેથ, જનરલ કેન અને પ્રમુખ ટ્રમ્પે પણ આ વાત કહી હતી. આજે અમેરિકા ઈરાની મિસાઈલ લોન્ચર મિસાઈલ બનાવતી ફેક્ટરીને ટારગેટ કરવાની તૈયારીમાં છે.

બીજી તરફ મિડલ ઈસ્ટના યુદ્ધમાં એક અત્યંત ચોંકાવનારો વળાંક આવ્યો છે. સેટેલાઈટ તસવીરો પરથી ખુલાસો થયો છે કે ઈરાને અમેરિકાની સૌથી સુરક્ષિત ગણાતી એર ડિફેન્સ સિસ્ટમ થાડને નિશાન બનાવી છે. જોર્ડન, સાઉદી અરેબિયા અને યુએઈમાં આવેલા અમેરિકન રડાર બેઝ પર ઈરાને સચોટ હુમલા કરીને અમેરિકાના સંરક્ષણ કવચમાં ગાબડું પડ્યું છે.

અમેરિકાના મીડિયાના અહેવાલ અનુસાર અમેરિકન સૈન્ય મિડલ ઈસ્ટમાં ત્રીજું એરક્રાફ્ટ કેરિયર પણ મોકલવાની તૈયારીમાં છે. જેનાથી યુદ્ધ વધુ ભડકી શકે છે. બીજી બાજુ ઈરાને અમેરિકા અને ઈઝરાયલને ઓપન ચેલેન્જ કરી છે કે તાકાત હોય તો ઓઈલ ટેન્કરોને અમેરિકાના યુદ્ધ જહાજોની સુરક્ષા હેઠળ સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાંથી પસાર કરી બતાવો.

યુદ્ધની સ્થિતિ વચ્ચે ઈરાનમાં ફરી એકવાર જોરદાર ભૂકંપ આવ્યો છે. અમેરિકાના ભૂવૈજ્ઞાનિક સર્વેક્ષણ યુએસજીએસના અહેવાલ અનુસાર શનિવારે ઈરાનના તટીય શહેર બંદર અબ્બાસના પશ્ચિમ ક્ષેત્રમાં ૪.૧ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. જેના લીધે સ્થાનિકોમાં ગભરાટ ફેલાયો હતો. આ સાથે ફરી એકવાર અનેક તર્ક-વિતર્ક થવા લાગ્યા છે, અને ઈરાને ગુપચુપ પરમાણુ પરીક્ષણ કર્યું હોવાની આશંકાઓ સેવાઈ રહી છે.

અમેરિકાએ ઓપરેશન એપિક ફ્યુરી વિશે એક અઠવાડિયાની કાર્યવાહીની વિગતો જાહેર કરતાં એક વીડિયો શેર કર્યો છે. તેની સાથે કેપ્શનમાં દાવો કર્યો છે કે અમે ઈરાનમાં એક અઠવાડિયાની કાર્યવાહી દરમિયાન ૩૦૦૦થી વધુ ટારગેટ પર હુમલા કર્યા હતાં.

બીજી તરફ ઈરાનના છેલ્લા રાજાના દીકરા અને દેશનિકાલનો સામનો કરી રહેલા ક્રાઉન પ્રિન્સ રેઝા પાહલવીએ એક વીડિયોમેસેજમાં દાવો કર્યો હતો કે ઈરાનની પ્રજાએ મને દેશનું નેતૃત્વ કરવા કહ્યું છે. ઈરાનની પ્રજાએ એ જનાદેશ સ્વીકારી લીધો છે જે મને ઈસ્લામિક ગણરાજ્યના પતન બાદ દેશનું નેતૃત્વ કરવા માટે અપાયો હતો. પાંચ દાયકાથી ક્ષેત્રમાં રકતપાત અને અરાજકતા ફેલાયેલી હતી જે હવે સમાપ્તી થવી જોઈએ.

જોર્ડનના મુવફ્ફાક સાલ્ટી એર બેઝનો સેટેલાઈટ તસવીરોમાં જોવા મળે છે કે અમેરિકન થાડ બેટરીનું અત્યંત આધુનિક એએન/ટીપીવાય-૨ રડાર સંપૂર્ણપણે નાશ પામ્યું છે. આ એક રડારની કિંમત અંદાજે અડધો અબજ ડોલર (આશરે

અનુસંધાન પૃષ્ઠ (૪) પર

સિંહને કોણ કહેવા જાય કે તેનું મોઢું ગંધાય છે ?...

ગઈકાલે દેશમાં વિવિધાસભર કાર્યક્રમો યોજાઈ રહ્યાં છે અને જામનગર સહિત ગુજરાતમાં પણ કેટલાક સાંસ્કૃતિક અને શૈક્ષણિક કાર્યક્રમોએ ધ્યાન ખેંચ્યુ હતું, તો બીજી તરફ કેટલાક રાજ્યોમાં લોકો પેટ્રોલ-ડીઝલ ભરાવવા પડાપડી કરી રહ્યાં હતાં, અને પેટ્રોલ-ડીઝલ પંપો પર લોકોની ભીડ જામી હતી. લોકો વાહનોમાં ફુલટેન્ક ઈંધણ ભરાવવા ઉપરાંત વધારાનું પેટ્રોલ-ડીઝલની ખરીદી કરવાનો પ્રયાસ કરતા પણ જોવા મળી રહ્યાં હતાં, અને ઈંધણનો સાવચેતી ખાતર થોડો સંગ્રહ કરવાનું વલણ જોવા મળી રહ્યું હતું. બીજી તરફ રાંધણ ગેસના ભાવમાં પણ રાતોરાત ૬૦ રૂપિયાનો વધારો ઝીંકી દેવાતા ગરીબ-મધ્યમવર્ગના પરિવારો સુધી યુદ્ધની માઠી અસરો પહોંચી છે.

આવું થવાનું કારણ લંબાઈ રહેલું અમેરિકા અને ઈઝરાયલનું ઈરાન સાથેનું યુદ્ધ અને તેની સાથે સંકળાયેલા કેટલાક ઘટનાક્રમોમાં છુપાયેલું છે. અમેરિકા વધુને વધુ આક્રમક બની રહ્યું છે અને ઈઝરાયલ આગમાં ઘી હોમી રહ્યું હોય, તેમ લેબનોન અને હિઝબુલ્લા પર હૂમલાઓ કરી રહ્યું છે, તો ઈરાન પણ પીછેહઠ કરવાના મૂડમાં નથી. ઈરાનનું હજારો કિલો મીટર દૂર શ્રીલંકા પાસે પહોંચેલુ જહાજ અમેરિકાએ ફૂંકી માર્યા પછી તંગદિલી વધી જ રહી હતી અને ઈરાને હોર્મુઝની ખાડીમાંથી અમેરિકા, યુરોપ, સમર્થક દેશોના તેલવાહક જહાજો પર પ્રતિબંધ ફરમાવ્યા તેથી ભારતમાં પણ ક્રૂડ ઓઈલની તંગી ઊભી થશે તથા પેટ્રોલ-ડીઝલના ભાવો ઘણાં જ વધી જશે, તેવી આશંકાઓ ઉઠ્યા પછી મોંઘવારી ફાટી નીકળશે, તેવી વાતો વહેતી થઈ ગઈ હતી, તો ખાનગી કંપનીઓએ ગેસના ભાવ વધારવાના સંકેતો આપ્યા હતાં.

હવે પછી તરેહ-તરેહની અફવાઓ ઉડી રહી હતી. તેથી લોકોમાં ગભરાટ પણ ફેલાયો હતો. ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં પણ અફવાઓ ફેલાવા લાગી હતી, અને લોકો ડ્રમ, પીપ, કેરબા અને બેરલ લઈને નાના-મોટા તમામ સ્થળોએ ડીઝલ ખરીદવા ઉમટી પડતા ડીઝલની કૃત્રિમ તંગી સર્જાઈ હતી. ઘણાં પેટ્રોલપંપો પર "ડીઝલ નથી" ના બોર્ડ લાગ્યા અને વાહનોની કતારો લાગી, ત્યારે દાયકાઓ જૂના લાયસન્સરાજના સમયે ખડા થતા દૃશ્યો ઘણાં વડીલોને યાદ આવી ગયા હતાં.

તે પછી કેટલાક જિલ્લાઓમાં જિલ્લા તંત્રોએ સત્તાવાર નિવેદન જાહેર કરીને સ્પષ્ટતા કરી હતી કે, જિલ્લાના દરેક પેટ્રોલપંપ પર ઈંધણનો પૂરતો સ્ટોક ઉપલબ્ધ છે,

અનુસંધાન પૃષ્ઠ (૪) પર

અમેરિકા, ઈઝરાયલ-ઈરાન વચ્ચે સર્જાયેલી યુદ્ધની પરિસ્થિતિને ધ્યાનમાં લઈ

જામનગરના દરિયાકાંઠે પેટ્રોલિંગ

(તસ્વીરઃ પરેશ ફલીયા)

હાલમાં ઈરાન તથા અમેરિકા-ઈઝરાયલ વચ્ચે સર્જાયેલી યુદ્ધની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્યના સૌથી લાંબા દરિયા કિનારા પર સુરક્ષા સુદૃઢ બનાવવા માટે પેટ્રોલિંગ ઘનિષ્ઠ બનાવવામાં આવ્યું છે. તેના ભાગરૂપે જામનગર જિલ્લાના નવા તથા જૂના બેડી બંદર, રોઝી બંદર, ખારાબેરાજા, માધાપર-જોડિયા ભુંગા તેમજ એરફોર્સ ફાયરીંગ રેન્જના દરિયાઈ વિસ્તારમાં એટીએસ અને કોસ્ટલ સિક્યુરિટીના અધિક પોલીસ મહાનિર્દેશક અમિતકુમાર વિશ્વકર્મા તેમજ મરીન ટાસ્કફોર્સના મહાનિરીક્ષક પી.એલ. માલ તથા મરીન ટાસ્કફોર્સ-હજીરાના અધિક્ષક એસ.જે. પરમારના માર્ગદર્શન હેઠળ જામનગર મરીન ટાસ્કફોર્સના ઈન્સ. ડી.આર. યાદવ અને મરીન કમાન્ડોએ પેટ્રોલિંગ હાથ ધર્યું હતું. મરીન કમાન્ડોની જુદી જુદી ટીમે ફૂટ પેટ્રોલિંગ અને બોટ પેટ્રોલિંગ કરી કેટલીક જગ્યાઓને ચકાસવા ઉપરાંત શંકાસ્પદ ઈસમોની પૂછપરછ કરી હતી.

કબુતર જાળી
BIRD NO ENTRY
Bird Net Service & Spike Fitting
OM ENTERPRISE
Galaxy Cinema Rd., Jamnagar
96622 41432 - Vinaybhai

યુદ્ધની સ્થિતિ છતાં તંગી નહીં પડે, પણ ગજવા હળવા કરવા પડશે!

ઘરેલુ ગેસનો બાટલો ૬૦ રૂપિયા મોંઘો અને કોમર્શિયલમાં રૂા. ૧૧૫ નો વધારો ઝીંકાયો

નવી દિલ્હી તા. ૭: ઈઝરાયલ-ઈરાન-અમેરિકા વચ્ચે ચાલતા યુદ્ધની અસર રસોડે પહોંચી છે, અને એલપીજીના ભાવ વધ્યા છે. આથી મોંઘવારીનો રાક્ષસ ધૂણ્યો છે. ઘરેલુ બાટલામાં તાત્કાલિક અસરથી રૂા. ૬૦ નો તો કોમર્શિયલમાં રૂા. ૧૧૫ નો ભાવવધારો થયો છે.

સરકારે જાહેર સાહસો-ખાનગી કંપનીઓને ગેસનું પ્રોડક્શન વધારવા આપ્યા આદેશો

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધ વચ્ચે ભારતમાં લોકોના ગજવા પર ભાર વધવાની શરૂઆત થઈ છે, કારણ કે ભારતમાં ઘરેલુ ગેસ સિલિન્ડરના ભાવમાં વધારો કરી દેવામાં આવ્યો છે. નવા ભાવ ૭ માર્ચ ૨૦૨૬ થી લાગુ ગણાશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર ૧૪.૨ કિલોના ઘરેલુ સિલિન્ડરના ભાવમાં ૬૦ રૂપિયાનો વધારો થયો છે અને ૧૯ કિલોના કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં ૧૧૫ રૂપિયાનો વધારો થયો છે. આ ભાવ વધારા પછી દિલ્હીમાં એલપીજી સિલિન્ડરના નવા ભાવ ૯૧૩ રૂપિયા અને ૧૮૮૩ રૂપિયા થઈ છે.

દેશની સૌથી મોટી ઓઈલ કંપની ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનએ રાંધણ ગેસના ભાવમાં મોટો વધારો ઝીંક્યો છે, જેનાથી સામાન્ય જનતા પર મોંઘવારીનો માર પડ્યો છે.

આ ઉપરાંત હોટલ અને રેસ્ટોરન્ટમાં વપરાતા ૧૯ કિલોના કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં પણ ૧૧૫ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. નવા ભાવ ૭ માર્ચ ૨૦૨૬ થી જ અમલી બની ગયા છે.

ઉલ્લેખનિય છે કે, એપ્રિલ ૨૦૨૫ પછી ઘરેલુ સિલિન્ડરના ભાવમાં આ પ્રથમ વધારો છે.

પ્રાપ્ત થતા અહેવાલલો મુજબ સરકારે સરકારી તેમજ પ્રાઈવેટ બન્ને એલપીજી રિફાઈનરીઓને પ્રોડક્શન વધારવા આદેશ આપ્યા હતાં. ઈરાન યુદ્ધના કારણે દુનિયાભરમાં એનર્જી સંકટ વધી શકે છે જે આશંકાને ધ્યાનમાં રાખી સરકારે ઉત્પાદન વધારવા આદેશ કર્યા હોવાનું સામે આવ્યું છે.

જો કે, કેન્દ્રિય મંત્રી હરદીપ પુરીએ જણાવ્યું હતું કે, ભારતમાં એનર્જી કાઈસિસ નહીં સર્જાય તો સૂત્રોના જણાવ્યાનુસાર ભારત સારી સ્થિતિમાં છે અને દેશમાં કાચા તેલ, પેટ્રોલ, ડીઝલ અને એલપીજી જેવા પેટ્રોલિયમ પ્રોડક્ટનો ઘણો સ્ટોક છે.

મેટ્રો શહેરોમાં ૧૪.૨ કિલોના સિલિન્ડર ભાવો જોઈએ તો દિલ્હી ૮૫૩ થી વધીને રૂા. ૯૧૩, કોલકાતા રૂા. ૮૭૯ થી વધીને રૂા. ૯૩૦, ચેન્નાઈ રૂા. ૮૬૮.૫૦ થી વધીને રૂા. ૯૨૮.૫૦ થયા છે, જ્યારે કોમર્શિયલ સિલિન્ડરમાં દિલ્હીમાં હવે રૂા. ૧૮૮૩ અને મુંબઈમાં ૧૮૩૫ થયો છે.

બીજી તરફ કેન્દ્રિય પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે, દેશમાં ઊર્જા અને ઈંધણનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. ગ્રાહકોએ પુરવઠામાં અવરોધ અંગે ચિંતા કરવાની જરૂર નથી. તેમણે કહ્યું કે સરકાર સસ્તુ અને ટકાઉ ઈંધણ પૂરૂં પાડવા માટે કટિબદ્ધ છે. ઈન્ડિયન ઓઈલ દ્વારા પણ દેશમાં પેટ્રોલ-ડીઝલની અછત હોવાના અહેવાલોને અફવા ગણી ફગાવી દેવામાં આવી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર હોર્મુઝ સ્ટ્રેટમાં ચાલી રહેલા યુદ્ધને કારણે સપ્લાય ખોરવાવાની આશંકા હોવા છતાં ભારત અત્યારે 'કમ્ફર્ટેબલ' સ્થિતિમાં છે. ભારત પાસે વિવિધ સ્રોતોમાંથી એટલો એનર્જી સપ્લાય ઉપલબ્ધ છે કે જે હોર્મુઝ સ્ટ્રેટમાંથી પ્રભાવિત થનારા જથ્થા કરતા ઘણો વધારે છે, જો કે આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઈલ અને ગેસના વધતા ભાવોની અસર કિંમતો પર જોવા મળી રહી છે.